

# જસ્ટિસ સી. કે. ઠક્કર

(10/11/1943)

જામનગરની પ્રાથમિક શાળાના પ્રતિભાવંત શિક્ષકને અકસ્માતે જાંબવત સમા સજ્જનનો ભેટો થતાં કાયદા શાખાના અભ્યાસની અનુકૂળતા કરી આપી પછી તો એક પછી એક પડકારો ઓળંગી સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશપદે દસ વર્ષની યશસ્વી કારકિર્દી નિભાવી નિવૃત્ત થનાર, કાયદાનાં તેમનાં વિવિધ પુસ્તકો કૉલેજથી માંડી કોર્ટ સુધી પહોંચ્યાં છે તેના વિદ્વાન લેખક જસ્ટિસ સી. કે. ઠક્કર.

જામનગરમાં એક પ્રાથમિક શિક્ષક તેમની નોકરી માટે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં જવા ભીડભંજન મહાદેવના બસસ્ટૅન્ડ પર ઊભા છે. જોગાનુજોગ તે સમયે વરસાદ પણ ખૂબ છે. એક બસ આવે છે, પણ જગ્યા નથી. બીજી બસ પણ એમ જ ચાલી જાય છે. શિક્ષક રિક્ષા ઊભી રાખવા પ્રયાસ કરી રહ્યા છે. છેવટે એક રિક્ષા પૅસેન્જર સહિત નજીક આવીને ઊભી રહે છે અને પૅસેન્જર તેમને લિફ્ટ આપે છે. રસ્તામાં રિક્ષામાં બેઠેલા સદ્‌ગૃહસ્થ સવાલ કરે છે, 'શું કરો છો?'

'સ્કૂલ શિક્ષક છું.'

'કેટલો અભ્યાસ કર્યો છે?'

'બી.એ. ઓનર્સ છું.'

'એલએલ.બી. કેમ નથી કરતા?'

'સાહેબ અનુકૂળતા નથી.'

'સારું, આવો, તમારી ફી નહીં લઈએ અમારી લૉ કૉલેજમાં તમારું સ્વાગત છે.' કહેનાર એ સદ્‌ગૃહસ્થ અન્ય કોઈ નહીં પણ શ્રી પ્રતાપરાય ટી. છાયા, હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટ, લૉ કૉલેજ, જામનગર અને પ્રાથમિક શિક્ષક હતા સી. કે. ઠક્કર. બસ, આ ઘટનાએ ચમત્કારિક વળાંક આપ્યો. એક પ્રાથમિક શિક્ષકને સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ સુધી પહોંચાડ્યા અને ગુજરાતને ન્યાયના એક ઉત્તુંગ શિખર સમા કાયદાવિદ્ શ્રી સી. કે. ઠક્કર મળ્યા.

કાયદાનો અભ્યાસ કેવી લગનથી કર્યો હશે કે લૉ કૉલેજમાં પ્રથમ જ દિવસે લેવાયેલ ક્લાસમાં એશબી વિ. વ્હાઇટ, મોહરબીબી વિ. ધરમદાસ અને બંધારણના આમુખ (પ્રીએમ્બલ) 'વી ધ પીપલ ઑફ ઇન્ડિયા'ના લેસન્સ તેમને હજુ એવા ને એવા જ યાદ છે. આવા તેજસ્વી વિદ્યાર્થીનો ફર્સ્ટ ક્લાસ આવે તો તેમાં કોઈ આશ્ચર્યની વાત ન હોઈ શકે. ૧૯૬૭માં

ફરી એક વાર વિદ્વાન ગુરુવર્ય શ્રી પી. ટી. છાયાનું માર્ગદર્શન મળ્યું કે હવે તમે હાઇકોર્ટમાં જાવ અને ત્યાં વકીલાત શરૂ કરો. ગુરુદેવનો આદેશ શિરોમાન્ય રાખી શરૂઆતમાં શ્રી આર. સી. માંકડ અને ત્યાર બાદ શ્રી જિતુભાઈ નાણાવટીને ત્યાં ચેમ્બરિંગ કર્યું. બાર કાઉન્સેલની પરીક્ષા પાસ કરી ૧૯૬૮માં વકીલાતની સનદ લીધી. સાથોસાથ એલએલ.એમ.નો અભ્યાસ પૂરો કરી માસ્ટર ડિગ્રી મેળવી ૧૯૭૦માં સર એલ. એ. શાહ લૉ કૉલેજમાં પાર્ટટાઇમ લેક્ચરર તરીકે ફરજ બજાવી અને લગભગ વીસ વર્ષ સુધી કાર્યરત રહ્યા. અધ્યયન અને અધ્યાપનમાં કેટલી રુચિ હશે કે આજે પણ મુંબઈમાં આર્બિટ્રેશન માટે જવાનું હોય તો સમય અને સ્થળ એવાં પસંદ કરે છે કે જેથી મીરાં-ભાયંદરમાં આવેલી મહારાષ્ટ્ર જ્યુડિશિયલ ઍકેડેમીમાં લેક્ચર લેવા જઈ શકાય. શરૂઆતનાં વર્ષોમાં જે ખંત અને ચીવટથી કામ કર્યું તેના ફળસ્વરૂપે ૧૯૭૫માં સરકારી વકીલ તરીકે નિયુક્તિ થઈ અને સળંગ સાત વર્ષ સુધી જાળવી રાખી.

વકીલાતના વ્યવસાયની સાથે કાયદાનો અભ્યાસ એ પ્રમુખ ધ્યેય હતું તેથી ધીરે-ધીરે કાયદાનાં પુસ્તકો લખવાનું શરૂ કર્યું. ગુજરાત હાઇકોર્ટ ઍસોસિયેશનમાં સેક્રેટરી તરીકે અને લોક અદાલત અને બંધારણના કાયદાના વિષયની વર્કશૉપમાં પણ તેટલા જ ઉત્સાહ અને કુનેહથી જવાબદારી નિભાવી. આવી વૈવિધ્યપૂર્ણ પ્રતિભાથી સૌ અંજાઈ રહ્યા હતા તે અરસામાં તેઓશ્રી ગુજરાત હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે પસંદગી પામ્યા અને ૧૯૯૦થી શરૂ કરી દસ વર્ષની સફળ કારકિર્દીએ તેઓશ્રીને મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે હિમાચલ પ્રદેશની વડી અદાલતમાં પહોંચાડ્યા. ૨૦૦૧માં તેઓશ્રી બૉમ્બે હાઇકોર્ટના ચીફ જસ્ટિસ નિમાયા. આ દરમિયાન તેમણે અનેક યાદગાર અને શકવર્તી ચુકાદાઓ આપ્યા છે. જેમાં નૅશનલ પાર્ક પાસે અનઑથૉરાઇઝ્ડ એન્ક્રોચમેન્ટ અંગેનો ચુકાદો પ્રમુખ છે. અત્રે ચીફ જસ્ટિસ તરીકેની ફરજમાં ન્યાય પ્રત્યેની ઊંડી સમજ, નીડર અને નિષ્પક્ષતાપૂર્વકની કામગીરીએ તેઓશ્રીની ખ્યાતિ વધારી.

૨૦૦૨માં તેમના ચીફ જસ્ટિસ તરીકેના કાર્યકાળમાં ટૂંક સમય માટે તેઓએ મુંબઈના કાર્યકારી રાજ્યપાલ તરીકે પણ વિશિષ્ટ ફરજ નિભાવી હતી. વર્ષ ૨૦૦૪માં ભારતની સર્વોચ્ચ અદાલતમાં તેઓ ન્યાયમૂર્તિ તરીકે પસંદગી પામ્યા અને વર્ષ ૨૦૦૮માં માનભેર નિવૃત્ત થયા. આમ એક પછી એક સિદ્ધિનાં શિખરો જે શ્રી સી. કે. ઠક્કરસાહેબે સર કર્યાં છે તે અન્ય માટે આસાન નથી.

વકીલાતની સાથે પુસ્તક લખવાનો પ્રેમ વધતો ગયો અને તેના ફળસ્વરૂપે તેમનાં પચીસથી ત્રીસ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યાં છે. આ પુસ્તકો કેટલાં આધારભૂત હશે કે 'લેક્ચર્સ ઑન ઍડ્મિનિસ્ટ્રેટિવ લૉ', 'સિવિલ પ્રોસિજર' અને 'ક્રિમિનલ પ્રોસિજર' અનેક લૉ કૉલેજો અને લૉ યુનિવર્સિટીમાં ટેક્સ્ટબુક તરીકે છેલ્લાં પચીસ વર્ષથી ભણાવાય છે. 'લૉ ઑફ રીટ્સ' અને રતનલાલ ધીરજલાલના 'લૉ ઑફ ક્રાઇમ્સ' પણ તેમના દ્વારા પ્રકાશિત થયાં છે. 'Halsbury's Laws of India'માં 'Civil Procedure'નું પ્રદાન તેઓશ્રીનું છે. વકીલો માટે પણ તેઓશ્રીએ 'સિવિલ પ્રોસિજર કોડ' લખેલ છે, જે છ વૉલ્યુમથી પ્રકાશિત થયેલ છે. શ્રી સી. કે. ઠક્કરની બુદ્ધિમત્તા અને લેખનશક્તિથી પ્રભાવિત થઈ અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ન્યાયવિદોએ તેમની ભરપૂર પ્રશંસા કરી છે. વીસમી સદીના મહાન ન્યાય વિશારદ લૉર્ડ ડેનિંગે જસ્ટિસ ઠક્કરના પુસ્તક 'ઍડ્મિનિસ્ટ્રેટિવ લૉ'ની પ્રશંસા કરતાં લખ્યું છે : 'I can see that you have done an excellent piece of work, both in analysis and in research. Your constribution for India rivals that of Sir William Wade. I am keeping in a forefront place in my library because, even at my age of 93, I still consider many points of administrative law and I look forward to finding much help from your book.'

'ઍડ્મિનિસ્ટ્રેટિવ લૉ'ના લેખક સર વિલિયમ વેડ પણ જસ્ટિસ

ઠક્કરના પુસ્તકની પ્રશંસા કરતાં લખે છે : 'Your book is clearly an important contribution to this important subject, which now takes up so much judicial time both in India and in Britain. I can see that it is thorough and scholarly, and I will find it most useful since I try to keep up some acquaintance with Indian Law.'

ભારતના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ હિદાયતુલ્લાહના અભિપ્રાય મુજબ : All in all this is an excellent book exhaustive and compelling and it will be a useful adjunct to the books on the subject written by English and American writers.

તો પ્રખ્યાત જ્યુરિસ્ટ જસ્ટિસ કૃષ્ણા ઐયરે ત્યાં સુધી કહ્યું : My pen does no exaggeration when I project Justice C.K. Thakkar as a profound jurist, a scholarly Judge and an author the Denning mould, rate among the many the Bench wrapped in 'Lordly' robes.

સર્વોચ્ચ અદાલતમાં જસ્ટિસ ઠક્કરનો લગભગ સાડા ચાર વર્ષનો કાર્યકાળ એક પડકારરૂપ પણ તેટલો જ સંતોષકારક અને સફળ રહ્યો. તેઓશ્રીએ અહીં પણ એક નીડર અને શકવર્તી ચુકાદાઓ આપેલો છે. આર્બિટ્રેશન ઍક્ટના SBP & Co. V. Patel Engineering Ltd.ના કિસ્સામાં સેક્શન-11ના મુદ્દે 6 વિ. 1ના લઘુમતી (ડિસેન્ટિંગ) ચુકાદો આપ્યો, જેને કારણે કાયદામાં સુધારો કરવો પડ્યો. બૅન્ગલુરુમાં સરકારી કર્મચારીઓની 29 દિવસની ઍપાઇન્ટમેન્ટ અપાતી. જો તે કક્ષા ગવર્નમેન્ટ સેન્ક્શન જ ન હોય તો આવા અસંખ્ય કર્મચારીઓને રેગ્યુલર એમ્પ્લૉયમેન્ટનો દરજ્જો ન અપાય. તેઓશ્રીએ અનેક ચુકાદાઓ સરકારની વિરુદ્ધમાં પણ આપ્યા છે. છતાં ક્યારેય કોઈ વિવાદમાં ફસાયા

નથી. તેથી ઊલટું એક તબક્કે પ્રાઇમ મિનિસ્ટર મનમોહન સિંઘની પાર્ટીનો મેળાવડો હતો તેમાં તત્કાલીન રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલે વ્યક્તિગત રીતે તેમને પૂછ્યું હતું કે મેં સાંભળ્યું છે તમે નિવૃત્ત થયા પછી સરકારનું કોઈ વિશિષ્ટ પદ કે જવાબદારી સ્વીકારવાના નથી. આવું કેમ? આ જ રીતે કેટલાક બ્રધર જજીસ પણ એવું કહેતા કે તમારા એકલવાયાપણાથી નિવૃત્ત થયા પછી કોઈ પૂછશે નહીં તો શું? જેના જવાબમાં ઠક્કરસાહેબ હસતાં-હસતાં જણાવે છે કે ઊલટાનું આજે મને વધારે માન અને ગૌરવ મળે છે.

તેમની કાર્યપદ્ધતિ વિશે પ્રશ્ન પૂછતાં તેઓ જણાવે છે કે મારી ઉપર ભારતની સર્વોચ્ચ અદાલતના પ્રથમ મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ કનિયાસાહેબ અને પ્રખ્યાત ઇંગ્લિશ જજ લૉર્ડ ડેનિંગની ખૂબ ઊંડી છાપ રહી છે, તો જસ્ટિસ શ્રી પી. ડી. દેસાઈ મારા મિત્ર, માર્ગદર્શક અને ગુરુ રહ્યા છે. શ્રી પ્રતાપરાય છાયાના મારા પર હંમેશાં આશીર્વાદ રહ્યા છે. મારી ૧૮ વર્ષની ન્યાયાધીશ તરીકેની કારકિર્દીમાં માંડ ત્રણ દિવસ રજા ભોગવી છે, જેમાં દીકરા અને દીકરીનાં લગ્નના દિવસની બે રજા સામેલ છે. તેમના કાર્યકાળમાં મીડિયાને ક્યારેય ચેમ્બરમાં પ્રવેશ મળતો નહીં. વળી કોઈ ચર્ચાસ્પદ ચુકાદાના કિસ્સામાં હું ક્યારેય મારા આપેલા ચુકાદાનો બચાવ કરતો નથી તેમ જ મેં આપેલા ચુકાદાથી ક્યારેય ડરતો પણ નથી. અમારું કામ ઈશ્વરના દૂત જેવું છે. ક્યારેક કોઈએ મને કહ્યું હતું : We have not seen God. But if you want to see and visit God he is a Judge... આ માન્યતા હજી આપણી સોસાયટીમાં છે, તો પછી અમારાથી થોડી પણ કચાશ કેવી રીતે કરી શકાય? તેઓશ્રી કહે છે 'મારી દૃષ્ટિએ ગુજરાત હાઇકોર્ટનો સ્તર ઘણો જ સારો છે.' રાજ્યની અન્ય વડી અદાલતોના સંદર્ભમાં મારે વકીલ મિત્રોને કહેવું છું અગિયારથી પાંચનો સમય કોર્ટમાં જ વ્યતીત કરો. બહાર જવાને બદલે સમય હોય તો લાઇબ્રેરીમાં વિતાવો. નાનામાં નાના કેસમાં મહેનત પૂરી

કરો તો સરવાળે ભવિષ્યના લિટિગેશનો ઓછા થઈ શકે છે.

જસ્ટિસ ઠક્કર તેમના અંગત જીવનનો એક પ્રસંગ યાદ કરાવે છે. જ્યારે મારી પસંદગી હાઇકોર્ટ જજ માટે થઈ ત્યારે જસ્ટિસ શ્રી પી. ડી. દેસાઈની સલાહ લેવા હું મારાં પત્ની સાથે પહોંચ્યો. સાહેબે કહ્યું કે આ તક તો સારી છે, પરંતુ તમારાં પત્ની મધુબહેન પણ આ કોર્ટમાં પ્રૅક્ટિસ કરે છે, તો શું તેઓ વકીલાત છોડી દેશે? એક પળનો પણ વિચાર કર્યા વિના મારાં પત્નીએ સામેથી કહ્યું, 'હાજી હું સત્વરે મારી વકીલાત બંધ કરીશ.' મને પૂછ્યું, 'જો તેમને આ પદની ઑફર મળી હોત તો શું હું મારી વકીલાત છોડી દઉં ખરો?' અને સાચું કહું મારી પાસે ત્યારે કોઈ જ ઉત્તર નહોતો!

આવા કડક અને શિસ્તબદ્ધ ન્યાયાધીશની લોકપ્રિયતા કેવી હશે તે હિમાચલ પ્રદેશના ચીફ જસ્ટિસમાંથી મુંબઈ હાઇકોર્ટના ચીફ જસ્ટિસની નિમણૂક થઈ ત્યારે હિમાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન મળવા આવ્યા અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનને વિનંતી કરી કે શક્ય હોય તો આ ટ્રાન્સફર રોકાવી ઠક્કરસાહેબને અહીં જ રહેવા દો, પોસાય તેમ નથી."

ઠક્કરસાહેબની વિદ્વત્તાથી લૉર્ડ ડેનિંગ કેટલા પ્રભાવિત હશે કે તે જીવ્યા ત્યાં સુધી તેમની સાથેનો પત્રવ્યવહાર થતો રહ્યો. છેલ્લે તેમણે ૧૦૦ વર્ષ પૂરાં કર્યાં ત્યારે તેમના સેક્રેટરીનો સંદેશો આવ્યો કે લૉર્ડ ડેનિંગને લગભગ ૨૫,૦૦૦ સંદેશાઓ મળ્યા છે, પરંતુ તમારો પત્ર તેમના માટે ખાસ હતો અને મને કહ્યું છે તમને ત્વરિત ઉત્તર પાઠવી રૂબરૂ મુલાકાત ગોઠવવી. પરંતુ આ પત્ર મળે તે પહેલાં તેમનું અવસાન થયું અને બે વિદ્વાન ન્યાયમૂર્તિઓના મિલનની એક ઐતિહાસિક ઘટના ઘટતાં રહી ગઈ. જસ્ટિસ ઠક્કર કહે છે કે તેઓ લૉર્ડ ડેનિંગને ન મળી શક્યા તેનો અફસોસ એમને જિંદગીભર રહેશે.

તેમના ઍકેડેમિક એક્સેલન્સથી આકર્ષાઈને લંડનની ઑક્સફર્ડ અને

કેમ્બ્રિજ યુનિવર્સિટીએ તેમના બંધારણના અને ક્યુરેટિવ પિટિશનના સિદ્ધાંત માટે ખાસ લેક્ચર ગોઠવ્યાં. કારણ તેમના દેશમાં ક્યુરેટિવ પિટિશનની પદ્ધતિ જ નથી, ત્યાં એક સવાલ એવો આવ્યો કે આખરી ચુકાદો આવી ગયા પછી ક્યુરેટિવ પિટિશન થાય અને તેમાં પણ પક્ષકારને અન્યાય થયો હોય તેવું લાગે તો શું કરવું? જસ્ટિસ ઠક્કરે કહ્યું, 'સ્વીકારી લેવો પડે, કોઈ પણ મુદ્દાનો ક્યાંક તો અંત લાવવો જ રહ્યો.'


જસ્ટિસ સોનિયા ગોકાણી કહે છે, 'એક કૉન્ફરન્સ નિમિત્તે મારે દિલ્હી જવાનું થયું. દિલ્હી ઠક્કરસાહેબે તેમના ઘરે અમને આમંત્ર્યાં. હું તો સ્તબ્ધ થઈ ગઈ, કારણ કે ટ્રાયલ કોર્ટમાંથી એલિવેટ થઈ આવેલ મારા જેવાનું આટલું ઉમળકાભર્યું સ્વાગત હોઈ શકે! પરંતુ તેમનો પ્રેમાળ સ્વભાવ બધાના માટે એક સરખો જ હોય. જુનિયર કલીગને મિત્રભાવે કેવી રીતે ટ્રીટ કરવાનું તે ઠક્કરસાહેબ પાસેથી શીખવા મળ્યું છે.'

તેઓ જુનિયર ધારાશાસ્ત્રી માટે ખૂબ જ માયાળુ વર્તાવ દાખવતાં અને કોર્ટના સમયમાં ક્યારેય મગજની સમતુલા ગુમાવવાનો પ્રસંગ આવ્યો નથી. તો બીજી તરફ બાર ઍસોસિયેશનના પ્રશ્નો અને વિનંતીઓને પણ તેટલી જ સહાનુભૂતિથી સ્વીકારતા રહ્યા હતા. આવા પ્રતિભાવંત ન્યાયાધીશ તા. ૭/૧૧/૨૦૦૮ને શુક્રવારના રોજ છેલ્લા કલાક સુધી કોર્ટમાં કામ કરતા રહ્યા. અંતે તેઓ નિવૃત્ત થયા ત્યારે એટર્ની જનરલે ચીફ જસ્ટિસ ઑફ ઇન્ડિયાની કોર્ટમાં તેમની ભારોભાર પ્રશંસા કરતાં કહ્યું : My Lords the Bar will very much miss Hon'ble Mr. Justice C.K. Thakkar. The entire Bar loves, admires and adores my Lord. He is an 'AjatShatru' that - one who has no enemy. On behalf of the Bar we wish all the happiness, health and all the best fo Justice Thakkar and Mrs. Thakkar.

આજે ૭૮ વર્ષની ઉંમરે પણ તંદુરસ્ત રહી આર્બિટ્રેશન ઉપરાંત સામાજિક અને કૌટુંબિક કાર્યમાં વ્યસ્ત રહી સૌને તેમના અનુભવનું ભાથું

પીરસે છે તો તેમના પુત્ર નીરવ અને પુત્રી ક્રિના વકીલાતના વ્યવસાયમાં રત છે.

આવા અજાતશત્રુ અને ઉજ્જ્વળ કારકિર્દીવાળા શ્રી સી. કે. ઠક્કરસાહેબ જે શિખર પર પહોંચ્યા છે તે મેરુશિખર સમું પવિત્ર અને યશસ્વી ન્યાયનું શિખર કહેવાશે. જે આ લેખક તેમ જ વાચક જેવા હજારો કાયદાપ્રેમીઓને માટે આરાધ્ય અને આદર્શ ગણાશે. આવા વિદ્વાન અને વિનમ્ર એવા ઠક્કરસાહેબનું સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે અને શતાયુ આયુષ્ય પ્રાપ્ત કરે તેવી ઈશ્વરને આપણા સૌની પ્રાર્થના.



# ચંદ્રકાન્ત દરૂ

**(23/06/1916થી 15/05/1979)**

આદિવાસી વિસ્તારમાંથી આવી મજૂરકાયદાનો અભ્યાસ કરી દેશના ખ્યાતનામ માર્કસિસ્ટ સાથે રહી રેડિકલ હ્યુમેનિસ્ટ જેવી અનેક સંસ્થાઓના સ્થાપક, અદાલતમાં હાજર હોય તો અંગ્રેજ ધારાશાસ્ત્રી પણ તેમની સામે પરાસ્ત થાય તેવા મેધાવી ધારાશાસ્ત્રી તત્કાલીન વડાં પ્રધાન ઇંદિરા ગાંધીને કટોકટી અને સેન્સરશિપના મુદ્દે અકળાવી મૂકનાર મિસા હેઠળ ધરપકડ થઈ તો જેલમાંથી પણ બંધારણ પર યાદગાર પુસ્તક પ્રકાશિત કરાવનાર લેખક અને સમાજસુધારક સી. ટી. દરૂ.

ગુજરાત રાજ્યનું આદિવાસી વિસ્તારનું નગર છોટા ઉદેપુરમાં જન્મ થયો. તે કારણે યા પિતા ડૉક્ટર હોવાને કારણે લોકોના દર્દનો ઇલાજ કરતા જોયા હોય તે કારણે છેવાડાના જનસમાજના દેવદૂત તરીકે ગુજરાત હાઇકોર્ટને મળ્યા પ્રખર ધારાશાસ્ત્રી ચંદ્રકાન્ત દરૂ.

પ્રાથમિક શિક્ષણ ઘરઆંગણે મેળવી અમદાવાદ આવ્યા ઉચ્ચ અભ્યાસ અર્થે. કૉલેજમાં ભણતા ત્યારથી દેશના ખ્યાતનામ માર્કસિસ્ટ નેતાઓ શ્રી એમ. એન. રૉય જેઓ રશિયાસ્થિત સ્ટાલિનના પોલિટ બ્યૂરોમાં ભારતના એકમાત્ર પ્રતિનિધિ હતા, જસ્ટિસ તારકૂંડે વગેરેના સંપર્કમાં આવ્યા. અહીંથી માર્ક્સિઝમના પ્રભાવમાં આવ્યા. આ સમયમાં રેડિકલ હ્યુમનિસ્ટની સ્થાપના થઈ, જેના પ્રમુખ તરીકે માનનીય જસ્ટિસ તારકૂંડે હતા અને દરૂસાહેબ સેક્રેટરીની ફરજ નિભાવતા. અભ્યાસમાં તેજસ્વી ખરા. સાયન્સ ગ્રૅજ્યુએટ ને પછી લૉ ગ્રૅજ્યુએટ થયા, પરંતુ ખુમારી એવી કે પાસ થવા જેટલું લખાઈ જાય એટલે બસ! પેપર મૂકીને પરીક્ષા ખંડની બહાર નીકળી જવાનું. ક્યારેય રૅન્ક કે મેડલ્સ કે સન્માનની ખેવના જ નહીં.

સ્વાવલંબી સ્વભાવ હોવાને કારણે અભ્યાસની સાથે અને ત્યાર પછી પણ Tutorial High Schoolમાં શિક્ષકનું કામ લીધું અને ખંતપૂર્વક અંગ્રેજી વિષયના વર્ગો લીધા.

આ જ વર્ષોમાં ભારતને આઝાદી મળી અને મજૂરકાયદા અમલમાં આવ્યા. Industrial અને Labour Courtની સ્થાપના થઈ. ચંદ્રકાન્તભાઈએ મજૂરકાયદાનો તલસ્પર્શી અભ્યાસ કર્યો અને શરૂઆતથી જ કામદારોના પ્રશ્નોની પડખે ઊભા રહેવાનું સ્વીકાર્યું. સાથોસાથ ‘અમદાવાદ મઝદૂર સંઘ’ની સ્થાપના કરી અને શ્રમિકોની ચળવળને દિશા આપી.

ઇન્ડસ્ટ્રિયલ કોર્ટમાં દરૂસાહેબની પ્રતિભા ખીલી રહી હતી. કાયદા પર પકડ અને રજૂઆતની શૈલી અને પ્રભાવ કેવાં હશે કે મુંબઈથી

આવતા જાણીતા સિનિયર કાઉન્સેલને પણ તેમણે ઊભા કરેલા કાયદાના પ્રશ્નોના ઉત્તર આપવા મુદત માગવી પડતી. સરવાળે હાર સ્વીકારીને પરત જવું પડતું. આ સમયે અમદાવાદ ઇલેક્ટ્રિસિટીનો એક વિવાદ કોર્ટમાં આવ્યો. મૅનેજમેન્ટ તરફથી હાજર રહેતા અધિકારીઓ અને અંગ્રેજ મૅનેજર મિ. પૉલીએ દરૂસાહેબને રોજના રૂ. ૧૧૦૦/- (60 વર્ષ પહેલાંના) આપવાની ઑફર કરી મૅનેજમેન્ટ તરફથી હાજર થવા માટે. પરંતુ આ ભેખધારી ધારાશાસ્ત્રીએ કહ્યું તે મારા સિદ્ધાંતથી વિરુદ્ધ છે તેથી વિનમ્રતાથી લોભામણી આકર્ષક ઑફરનો અસ્વીકાર કર્યો.

વકીલાતની સાથે સમાજસુધારક પણ ખરા. એક રસપ્રદ વિવાદ આવ્યો વ્હોરા સમાજનો. તેમના ધર્મગુરુ શ્રીસૈયદના મધ્યકાલીન યુગના નિયમોથી પોતાનું વર્ચસ્વ ચલાવે. વ્હોરા સમાજમાં એક નિયમ હતો કે મૃત્યુ કે લગ્ન સમયે શ્રી સૈયદનાના પ્રતિનિધિને મળવું પડે. શ્રી સૈયદના 'અલ્લા'ના નામે ચિઠ્ઠી લખી આપે તેટલું નજરાણું આપવું પડે. આ નિયમનું પાલન ન કરે તેને સમાજમાંથી ફારેગ કરાય અને તમામ સંબંધનો બહિષ્કાર થાય. આથી ઘણાને સહન કરવું પડતું, પરંતુ આ નિયમ સામે કોઈ બોલવા તૈયાર નહીં. રાજકીય નેતાઓ પણ સાથ ન આપે, કારણ આટલો મોટો સમૂહ તેમની વોટબૅન્ક હતી. આ પ્રથાને પડકારવાનો કેસ આવ્યો દરૂસાહેબ પાસે. ખૂબ ઊહાપોહ પણ થયો. છતાં મક્કમ રહી આગળ વધ્યા અને નિવૃત્ત હાઇકોર્ટ જજનું કમિશન બેસાડી આ પ્રથા રદ કરાવી.

જાહેર હિતની અરજીમાં દરૂસાહેબના વ્યક્તિત્વનો સાચો પરિચય થતો. તે સમયના પ્રસિદ્ધ કેસ – જજીસ ટ્રાન્સફર, મગન દેસાઈ વિ. બલ્લુભાઈ ઠાકોર, અંગ્રેજી માધ્યમ અને સેન્સરશિપ જેવા કેસોમાં દરૂસાહેબે પ્રજાના અધિકારો અને સરકારની મર્યાદાઓ વિશે ગુજરાત હાઇકોર્ટમાં ઉઠાવેલા પ્રશ્નોના પડઘા સર્વોચ્ચ અદાલત સુધી તો બીજી તરફ રાજ્ય સરકારથી માંડી ભારત સરકાર સુધી પડ્યા હતા. રાજ્યના તેમ જ

દેશનાં વર્તમાનપત્રોમાં તેમ જ દેશના અગ્રણી બૌદ્ધિકોમાં ચર્ચાના વિષય બન્યા હતા. તત્કાલીન ચીફ જસ્ટિસ શ્રી મિયાંભાઈસાહેબે દરૂસાહેબને બેન્ચમાં જોડાવા આગ્રહ કર્યો ત્યારે શાલીનતાથી તેમણે ઉત્તર આપ્યો : ‘અરે સાહેબ, મારા જેવો ફૂટપાથ પર ઊભો રહી મકાઈનો ભુટ્ટો ખાનાર અલ્લડ માણસ હાઈકોર્ટના જજ તરીકે ન ચાલે.’

ધારાશાસ્ત્રી તરીકે આટલી વ્યસ્તતા વચ્ચે પણ સમાજસુધારકનો જીવ હોવાને કારણે બેસી ન રહે. તેઓ માનતા કે બધી જ સમસ્યાનો ઉકેલ અદાલત પાસે ન મગાય, સમાજ પણ જાગ્રત થવો જોઈએ. તે માટે જનજાગૃતિનું અભિયાન અને ‘માનવ ચેતના’ નામે સામયિક શરૂ કર્યું. એ લેખોથી દરૂસાહેબની લેખનકળા, પત્રકારિતા અને વિશાળ વાંચનનો પરિચય થતો. આ કારણે સમાન વિચારધારાના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, વિચારકો અને કર્મશીલોનો સંગાથ સાંપડ્યો. જેમાં ચુનિભાઈ વૈદ્ય, કાંતિભાઈ પટેલ, વિષ્ણુ પંડ્યા, કિરીટ ભટ્ટ, જગદીશ શાહ વગેરે મુખ્ય હતા. દશરથલાલ ઠાકર અને મનુભાઈ શાહ તેમનો પડ્યો બોલ ઝીલતા.

૯૪ વર્ષના કામદાર અગ્રણી શ્રી કેશુભાઈ ઠક્કર દરૂસાહેબનું નામ લેતાં જ ઉત્સાહિત થઈ જણાવે છે : ‘૧૯૭૪ના અરસામાં ભારતીય રેલવેની હડતાળ પડી. દેશભરમાં ૧૪ લાખથી વધુ કામદારો એકસાથે હડતાળ પર ઊતરી આવ્યા. આ ઘટનાએ દેશના રાજકીય અને આર્થિક ક્ષેત્રે ખળભળાટ મચાવ્યો હતો. શીર્ષ નેતાઓને જેલભેગા કરાયા. જેમાં જ્યૉર્જ ફર્નાન્ડીસ મુખ્ય હતા. ગુજરાતમાં કેટલાક કામદારોને ડિસમિસ કરવામાં આવ્યા હતા. આ વિષયને એક રસપ્રદ કાનૂની વળાંક મળ્યો ગુજરાત હાઈકોર્ટમાં. ભારતીય મઝદૂર સંઘ વતી ઍડ્વોકેટ પ્રવીણ રાવલે જાહેર હિતની અરજી દાખલ કરી, ત્યાંથી શરૂઆત થઈ. નામદાર જસ્ટિસ એમ. પી. ઠક્કરસાહેબની કોર્ટમાં ઍડ્મિશનના હિયરિંગ પર જ આગઝરતી ભાષામાં તકરારો ઉઠાવાઈ. દરૂસાહેબની તર્કબદ્ધ તકરારો જસ્ટિસ એમ.

પી. ઠક્કરને પ્રભાવિત કરી ગઈ અને લાંબી લડાઈ પછી શકવર્તી ચુકાદો આપવામાં આવ્યો કે રેલવેના સસ્પેન્શનના હુકમો Deaf dumb and non-speaking છે તથા બોનસના મુદ્દે પણ જાહેર કર્યું કે આ બોનસ એ ખેરાત નથી, પણ વિલંબિત મહેનતાણું છે. આ ચુકાદાની અસર ત્યાર પછી દેશભરમાં થઈ અને આશરે ૧૪ લાખ જેટલા કામદારોને તેનો લાભ મળ્યો. આ ચુકાદામાં રવીન્દ્રનાથ ટાગોરના કેટલાક લખાણનો પણ સમાવેશ થયો હતો.'

આવો જ પ્રસંગ આવ્યો કટોકટીનો અને પ્રેસ સેન્સરશિપનો. સેન્સરશિપના મુદ્દે 'વાંધાજનક બાબત'ની વ્યાખ્યાને પડકારવામાં આવી હતી તથા સેન્સરશિપના હુકમની C, D અને E સંરક્ષણ ધારાની કલમ-૪૮ના હેતુથી સાવ વિપરીત હોઈ તેનો ભંગ કરે છે – તે મુદ્દા પર જોરદાર પ્રહારો થયા. છેવટે શ્રી એન. સી. ચાગલાના વ્યાખ્યાનની ચર્ચા થઈ. જેમણે સેન્સરશિપના હુકમની કડક શબ્દોમાં ટીકા કરેલી. કલાકો સુધી અસ્ખલિત વાણીમાં દરૂસાહેબની રજૂઆત સાંભળીને ન્યાયમૂર્તિ શ્રી શેઠસાહેબે કહ્યું હતું કે His mouth smells of midnight oil. એમનું વક્તવ્ય રાત-રાતના ઉજાગરા અને પરિશ્રમની ચાડી ખાય છે. એક તબક્કે ચાગલાસાહેબનું ભાષણ વાંચતાં-વાંચતાં દરૂસાહેબનું ગળું રૂંધાયું, શબ્દો અટક્યા, રૂમાલથી આંસુ લૂછ્યાં, ખોંખારો ખાઈ સંતુલન મેળવવા પ્રયાસ કર્યો, પણ અશ્રુબિંદુ ખાળી ન શકાયાં અને છેવટે બેસી જવું પડ્યું અને અધૂરું ભાષણ શ્રી આનંદે વાંચ્યું ત્યારે અદાલતમાં એક જબરદસ્ત સન્નાટો છવાયો હતો. ધારાશાસ્ત્રીઓની આટલી નિષ્ઠાપૂર્વકની રજૂઆતથી પક્ષકારોથી માંડી ન્યાયમૂર્તિ પણ પ્રભાવિત થતા હોય તેવી ઘટનાની ગુજરાત હાઇકોર્ટ સાક્ષી છે, જે ભાગ્યે જ અન્ય સ્થળે જોવા મળે. સુનાવણી દરમિયાન સવારનાં વર્તમાનપત્રોમાં આ અંગે વિસ્તૃત અહેવાલ વાંચવા પ્રજાજનો પણ એટલા ઉત્સુક રહેતા.

સરકાર તરફથી વિદ્વાન સિનિયર ધારાશાસ્ત્રી શ્રી વખારિયાસાહેબે

બચાવ પક્ષે તમામ રજૂઆત કરી, પરંતુ અંતે અદાલતે ૧૬૬ પાનાંના ચુકાદામાં સેન્સરશિપના કાયદાની કલમ C, D અને Eની જોગવાઈઓને રદબાતલ ઠરાવી અને દેશભરમાં તેના ઘેરા પડઘા પડ્યા.

ગુજરાત હાઇકોર્ટમાં વકીલાત દરમિયાન અનેક વાર ભારતના સંવિધાનના અનેક આર્ટિકલ અને જોગવાઈઓના અર્થઘટનનો પ્રસંગ બનતો અને તે કારણે બંધારણનો અભ્યાસ ગહનતાથી કર્યો. આ અભ્યાસ એટલો કામ લાગ્યો કે કટોકટીકાળમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન બાબુભાઈ જશભાઈ પટેલ, શંકરસિંહ વાઘેલા, સર્વોદયના કાર્યકરો તથા હાલના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને સંઘના કાર્યકરો સહિત તેમને સેન્સરશિપના મામલે આઠ માસ મિસાના કાયદા હેઠળ કારાવાસમાં રહેવું પડ્યું. તે સમયે જેલમાંથી ભારતના બંધારણ પર પુસ્તક તૈયાર કર્યું, જેણે અદ્‌ભુત આવકાર અને પ્રશંસા પ્રાપ્ત કર્યાં. જેલવાસમાં જામનગરમાં ૧૫થી ૨૦ દિવસ ખૂબ યાતનામાં ગુજાર્યા, જેની અસર તેમની તબિયત પર પડી, ત્યાંથી ભાવનગરની જેલમાં શિફ્ટ કરાયા. અહીં સિગારેટની આદત છોડી દીધી હતી તે ફરી પાછી શરૂ થઈ. જે બાદમાં કૅન્સરની બીમારી માટે ઘાતક પુરવાર થઈ.

૬૦ અને ૭૦ના દસકામાં ગુજરાતના જાહેર જીવન તેમ જ રાજકીય ચળવળમાં PUCL (Peoples Union For Civil Liberties) નામની સંસ્થાએ અદ્‌ભુત જનજાગૃતિનાં કાર્યો કર્યાં હતાં, જેના પ્રેરણામૂર્તિ ઍક્ટિવિસ્ટ ચંદ્રકાન્ત દરૂ હતા.

વડાં પ્રધાન ઇંદિરા ગાંધીએ તે સમયે કટોકટી દેશભરમાં લાદી ત્યાર પછી તેમના પર આક્ષેપો પણ ખૂબ થયા. છેવટે જસ્ટિસ જે. સી. શાહ (રિટાયર્ડ, સુપ્રીમ કોર્ટ)નું કમિશન નિમાયું અને કટોકટીમાં નાગરિકો ઉપર અતિરેકો થયા છે કે નહીં તે નક્કી કરવાનું હતું. કમિશનની કાર્યવાહી આગળ વધી અને એક તબક્કે ઇંદિરાજી પોતે જવાબદાર હોવાનું કમિશનને જણાયું તેથી તેમને પત્ર લખવામાં આવ્યો અને સોગંદ ઉપર

બચાવમાં કંઈ કહેવું હોય તો તક આપવામાં આવી. શ્રીમતી ગાંધીએ સોગંદ ઉપર કાંઈ પણ કહેવાની ના પાડી. છેવટે કમિશને કેટલાક ગંભીર અતિરેકો માટે શ્રીમતી ગાંધીને તથા બીજા કેટલાકને જવાબદાર ઠરાવતો અહેવાલ આપેલો. આ મુદ્દે શ્રી દરૂએ જાહેરમાં પ્રવચન અને લેખો લખ્યા અને નિર્ભયતાથી જણાવ્યું કે કોઈ પણ વ્યક્તિને કાયદાથી પર ગણવાનો સિદ્ધાંત એ ફાસિસ્ટ કહેવાય અને લોકશાહીમાં તેનું કોઈ સ્થાન નથી. શ્રીમતી ગાંધી કે તેમના સાથીદારોએ પોતાના વિચારો બદલ્યા નથી તેમ જ દેશની પ્રજા માટે ગંભીર ગુનો કરવા માટે તેમને પશ્ચાત્તાપ પણ થતો નથી. આવી વ્યક્તિઓને આપણા જાહેર જીવનમાં કોઈ સ્થાન ન હોવું જોઈએ. તેઓ તો ઘાસમાં છુપાઈ રહેલા સાપ જેવા ઝેરી છે અને તેમને જાહેર જીવનમાંથી દેશવટો આપવાની લોકશાહીના તમામ ચાહકોની ફરજ છે. વકીલ તરીકે હું સ્પષ્ટ જણાવું છું કે ઇંદિરાજી સામે ફોજદારી કેસ પણ થઈ શકે છે. દેશના તે સમયના અત્યંત શક્તિશાળી નેતા સામે જાહેરમાં આટલો સ્પષ્ટ અભિપ્રાય આપનાર ચંદ્રકાન્ત દરૂ સૌથી પહેલા હતા. જેમણે અનેકને તેમનાં આંદોલનો આગળ ધપાવવા સમર્થન પૂરું પાડ્યું હતું. આવી હતી તેમની રાષ્ટ્રીય પ્રતિભા.

સેન્ટ ઝેવિયર્સ કૉલેજના અંગ્રેજી માધ્યમનો મુદ્દો પહેલા ગુજરાત હાઇકોર્ટ અને બાદમાં સર્વોચ્ચ અદાલતમાં ઉઠાવી દરૂસાહેબે બંધારણમાં મૂળભૂત અધિકારો સંબંધી જે વિસ્તૃત છણાવટ કરી છે તે તેમની કારકિર્દીનું ટોચનું શિખર છે. આ જ કારણે દેશના નામાંકિત કાયદાવિદ શ્રી નાની પાલખીવાલા, શ્રી રામ જેઠમલાણી તેમના પ્રશંસક રહ્યા અને ખાસ મિત્ર બની ગયા. એટલું જ નહીં, દરૂસાહેબના અવસાન પછી પણ તેમના નિમિત્તે યોજાયેલ મેમોરિયલ લેક્ચરમાં પ્રથમ પ્રવચન આપવા શ્રી નાની પાલખીવાલા અમદાવાદ આવ્યા હતા.

આવા અદના માનવી અને અભ્યાસુ ધારાશાસ્ત્રી સાથે જોડાયેલા અનેક જુનિયર લૉયર બાર અને બેન્ચમાં આગળ આવ્યા છે. જેમાં શ્રી એમ.

બી. શાહ, શ્રી એન. જે. મહેતા, શ્રી જિતુભાઈ પટેલ, લેબર કોર્ટના અનેક વકીલો તેમ જ શ્રી મહેન્દ્ર આનંદ, નાઇરોબિના ચીફ જસ્ટિસ રહી ચૂકેલાં શ્રી કલ્પના રાવલ મુખ્ય છે.

કોઈ પણ ચળવળ કે વિરોધમાં સનસનાટી કે અવ્યવસ્થા ફેલાય તે હેતુથી તેઓ ક્યારેય જોડાતા નહીં. દરૂસાહેબ સ્પષ્ટપણે માનતા કે દરેક સમસ્યાનો કાયદાકીય અને બંધારણીય ઢબે ઉકેલ આવી શકે છે. ગુજરાત હાઇકોર્ટની દર મહિને છપાતી લૉ જર્નલમાં દરૂસાહેબનો રિપોર્ટેડ કેસ છપાયો ન હોય તેવું ભાગ્યે જ બનતું. મુંબઈથી પ્રસિદ્ધ થતા આઇ.સી. આર.માં પણ દરૂસાહેબના કેસનું રિપોર્ટિંગ જોવા મળતું.

વર્ષો પછી દરૂસાહેબે માર્ક્સિઝમની વિચારધારા છોડી ફક્ત માનવતાવાદી વિચારધારા અપનાવી હતી. જાહેરમાં આદર્શની મોટી-મોટી વાતો કરવી તેટલું જ નહીં, અંગત જીવનમાં પણ તેનું આચરણ કરી બતાવતા. એમનું માનવતાવાદી વલણ એવું કે ક્યાંયેય જ્ઞાતિ, કોમ, ધર્મ કે ઊંચનીચના ભેદ તેમને સ્પર્શી શકતા નહીં. એક કિસ્સામાં એક સામાન્ય સફાઈ કર્મચારીને ઘરમાં આશરો આપેલો. સવર્ણો અને ઉચ્ચ ખાનદાની રહીશોની સોસાયટીમાં આ કેવી રીતે સ્વીકારાય? ભારે ઊહાપોહ થયો, વિરોધ થયો છતાં દરૂસાહેબ ડગ્યા નહીં. તેમનાં પત્ની હસુબહેન પણ તેટલાં જ સમજદાર ને સંવેદશનીલ. તેથી તેમણે તે બહેનને રસોઈ કરતાં શીખવ્યું. તેનાં બાળકોને સારું શિક્ષણ અને પતિને નોકરી અપાવી. આવો જ એક પ્રસંગ આવ્યો ૧૯૬૯નાં કોમી રમખાણો સમયે. મુસ્લિમ પોલીસ અધિકારી ફારૂક દેસાઈને ટોળાંથી બચાવ્યા અને સુરક્ષા કવચ પૂરું પાડ્યું હતું.

દરૂસાહેબ પિતા તરીકે પણ તેટલા જ પ્રેમાળ. દીકરા અને દીકરી વચ્ચે કોઈ જ ભેદ ન રાખે. દીકરી નયનાને પૂરી સ્વતંત્રતા બક્ષેલી, તેઓ જાધવપુર યુનિવર્સિટીમાં શિક્ષા લઈ અમેરિકામાં M.B.A. કરી ત્યાં જ સ્થાયી થયાં અને દીકરા ચંદ્રશેખરે લીડ્ઝ યુનિવર્સિટીમાંથી LL.M. કર્યું

અને દસેક વર્ષ પિતા સાથે ગુજરાત હાઈકોર્ટમાં વકીલાત પણ કરી. દરૂસાહેબ તેમના જુનિયર લૉયર સાથે પણ મિત્રતા જેવો સંબંધ રાખતા. શ્રી મહેન્દ્ર આનંદ દરૂસાહેબની ઑફિસમાં જ વિભાબહેનના પરિચયમાં આવ્યા. વિભાબહેન પણ દરૂસાહેબના સાથીદાર જ્યોતિપ્રકાશ દેવનાં દીકરી હતાં અને વકીલાતની ટ્રેનિંગ લેતાં હતાં. દરૂસાહેબે આ બંને જુનિયર સાથીદારોનાં લગ્ન કરાવી આપવામાં પણ સાથ આપ્યો હતો.

સન ૧૯૭૯માં કૅન્સરની બીમારીએ જોર કર્યું. સારવાર અર્થે અમેરિકા પહોંચ્યા, પરંતુ ફાવ્યા નહીં અને ૧૫-૫-૭૯ના રોજ અંતિમ શ્વાસ લીધા. આ દિવસે ગુજરાત હાઈકોર્ટે બંધારણનો રખેવાળ અને ગુજરાતની જનતાએ એક દેવદૂતને ગુમાવ્યાનો આઘાત વેઠ્યો.